# GSSSB CBRT Adv 378 CCE 2026

| | |
|---|---|
| Test Date | 23/09/2026 |
| Test Time | 9:00 AM - 11:00 AM |
| Subject | 378 Combined Competitive Examination |

Section : **English**

**Q.1** **Select the option which correctly converts the given simple sentence to complex sentence.**

**On hearing the loud explosion near the crowded marketplace, the entire crowd panicked.**

**Ans**
- ✗ 1. On hearing the loud explosion near the crowded marketplace, and they panicked.
- ✗ 2. As soon as the crowd heard the loud explosion near the crowded marketplace, so they panicked.
- ✗ 3. When the crowd heard the loud explosion near the crowded marketplace, and they panicked.
- ✓ 4. When the crowd heard the loud explosion near the crowded marketplace, they panicked.

**Q.2** **Choose the synonym of the bold word in the given sentence.**
**She wore a vibrant dress to the party.**

**Ans**
- ✓ 1. Colorful
- ✗ 2. Plain
- ✗ 3. Heavy
- ✗ 4. Old

**Q.3** **Choose the most appropriate option to fill in the blank.**

**The students began their experiment by placing __ object with a smooth surface under the microscope.**

**Ans**
- ✗ 1. a
- ✗ 2. the
- ✗ 3. No article
- ✓ 4. an

**Q.4** **Select the most appropriate option that converts the given sentence into Present Perfect Tense.**

**They celebrate weekends by going on a hike.**

**Ans**
- ✗ 1. They are celebrating weekends by going on a hike.
- ✓ 2. They have celebrated weekends by going on a hike.
- ✗ 3. They has celebrated weekends by going on a hike.
- ✗ 4. They have been celebrating weekends by going on a hike.

**Q.5** **Rectify the sentence by selecting the correct one from the options:**
**The kitten is more cuter than the puppy.**

**Ans**
- ✓ 1. The kitten is cuter than the puppy.
- ✗ 2. The kitten is more cuter than the puppy.
- ✗ 3. The kitten is most cute than the puppy.
- ✗ 4. The kitten is cutest than the puppy.

**Q.6** **Choose the correct word for the underlined segment from the options.**

**The politician was famous for his willing to give more than expected attitude in the society.**

**Ans**
✔ 1. generous
✗ 2. defiant
✗ 3. onerous
✗ 4. cynical

**Q.7** **Select the option that best replaces the underlined idiomatic expression without changing the meaning of the sentence.**

**He always tries to keep his cards close to his chest when negotiating business deals.**

**Ans**
✗ 1. depend on others' opinions
✔ 2. stay secretive about his plans
✗ 3. follow instructions blindly
✗ 4. reveal everything to others

**Q.8** **Fill in the blank with the most appropriate option.**

**The jury reached _____ verdict after hours of deliberation, surprising everyone in the courtroom with their unanimous decision.**

**Ans**
✔ 1. their
✗ 2. its
✗ 3. his
✗ 4. her

**Q.9** **"The Sun rises in the east." નો સાચો ગુજરાતી અનુવાદ કયો છે?**

**Ans**
✗ 1. સૂર્ય પૂર્વમાં અસ્ત થાય છે.
✗ 2. સૂર્ય દરરોજ ચમકે છે.
✗ 3. સૂર્ય પશ્ચિમમાં ઉગે છે.
✔ 4. સૂર્ય પૂર્વમાં ઉગે છે.

**Q.10** **In the sentence, "She shed a tear during the movie," the word tear refers to a drop of liquid from the eye. Which of the following is the other meaning of tear?**

**Ans**
✗ 1. an animal
✗ 2. to be afraid
✗ 3. beloved
✔ 4. to rip or pull apart

**Q.11** **Select the option with the correct Passive voice usage.**
**My teacher gave me a manuscript for reading.**

**Ans**
✗ 1. For reading, my teacher gave me a manuscript.
✔ 2. A manuscript was given to me for reading by my teacher.
✗ 3. I was given to read a manuscript by my teacher.
✗ 4. To read, a manuscript was given by my teacher to me.

**Q.12** **Select the most appropriate option to fill in the blank.**
**The sports director confirmed that the inter-school tournament _______ held on the school grounds during the third week of January.**

**Ans**
✗ 1. has been
✗ 2. will be
✗ 3. is
✔ 4. would be

**Q.13** **Select the most appropriate option that can substitute the underlined segment in the given sentence.**
**The leader's <u>skill of speaking clearly and impressively</u> moved the crowd.**

Ans
✗ 1. confidence
✗ 2. wisdom
✗ 3. ignorance
✓ 4. eloquence

**Q.14** **Select the sentence that is correctly written in the present tense.**

Ans
✗ 1. The children drawing pictures in the classroom.
✗ 2. The children is draw pictures in the classroom.
✓ 3. The children are drawing pictures in the classroom.
✗ 4. The children are draws pictures in the classroom.

**Q.15** **In the given question, a statement divided into different segments is given. The first segment is fixed; rearrange the other segments (P, Q, R, S) to form a coherent and meaningful statement.**
**Market analysts concluded /**
**(P) which had rattled markets earlier**
**(Q) after the central bank's announcement**
**(R) despite persistent geopolitical tensions**
**(S) that investor confidence had recovered**

Ans
✗ 1. PQRS
✗ 2. SRQP
✓ 3. SQRP
✗ 4. RPSQ

Section : **Gujarati**

**Q.16** **નીચેનામાંથી સંજ્ઞા સાથે વિભક્તિનો ઉપયોગ થયો હોય તેવું વાક્ય શોધો:**

Ans
✗ 1. વહાણ મોટા સાગર વચ્ચે અટકી ગયું.
✗ 2. દોડવાની રેસ જીતી લીધી.
✗ 3. જેણે આ ચિત્ર દોર્યું તે કલાકાર છે.
✓ 4. ભારતની સંસ્કૃતિ વિશ્વમાં પ્રાચીન છે.

**Q.17** **'અલ્પ' શબ્દનો સમાનાર્થી શબ્દ શોધો.**

Ans
✗ 1. વિશાળ
✓ 2. થોડું
✗ 3. વધારે
✗ 4. પુષ્કળ

**Q.18** **અલંકાર ઓળખાવો: રોહન દોડવામાં તો એટલો શૂરવીર છે કે પછડાતાં વાર જ નથી લાગતી!**

Ans
✗ 1. ઉપમા અલંકાર
✓ 2. વ્યાજસ્તુતિ અલંકાર
✗ 3. સજીવારોપણ અલંકાર
✗ 4. રૂપક અલંકાર

**Q.19** **નીચે આપેલ વાક્યોમાંથી ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય ઓળખાવો.**

Ans
✓ 1. વસંત ઋતુ આવતાં જ બગીચામાં સુંદર ફૂલો ખીલી ઊઠે છે.
✗ 2. વસંત ઋતુ આવતાં થી બગીચામાં સુંદર ફૂલો ખીલી ઊઠે છે.
✗ 3. ખીલી ઊઠે છે બગીચામાં વસંત ઋતુ આવતાં જ સુંદર ફૂલો.
✗ 4. વસંત ઋતુ આવતાં જ બગીચામાં સુંદર ફુલો ખીલી ઊઠે છે.

**Q.20** આ સાથે આપેલ ગુજરાતી વાક્યનો યોગ્ય અંગ્રેજી અનુવાદ ઓળખાવો : હું દરરોજ વાંચું છું.

Ans
- ✗ 1. I am read every day.
- ✗ 2. Me read every day.
- ✓ 3. I read every day.
- ✗ 4. I reads every day.

**Q.21** ગુજરાતી વર્ણમાળાના આકારાદી ક્રમ મુજબ સૌથી પહેલા કયો શબ્દ આવશે?

Ans
- ✗ 1. વાઘ
- ✓ 2. રીંછ
- ✗ 3. હાથી
- ✗ 4. સિંહ

**Q.22** 'સો મણ તેલે અંધારું' કહેવતનો યોગ્ય અર્થ પસંદ કરો.

Ans
- ✗ 1. પૈસા હોય તો દરેક સમસ્યા સરળતાથી ઉકેલી શકાય.
- ✓ 2. ઘણાં સાધન હોવા છતાં થતી ગેરવ્યવસ્થા કે બગાડ.
- ✗ 3. વધારે તેલ હોય તો પ્રકાશ વધારે થાય.
- ✗ 4. અંધારામાં કામ કરવું મુશ્કેલ છે.

**Q.23** 'ઘૌ' અક્ષરનું યોગ્ય સ્વર જોડાણ કયું છે?

Ans
- ✗ 1. ઘ્ + એ
- ✗ 2. ઘ્ + ઓ
- ✓ 3. ઘ્ + ઔ
- ✗ 4. ઘ્ + ઐ

**Q.24** 'નીલકંઠ' શબ્દનો સમાસ ઓળખાવો.

Ans
- ✗ 1. કર્મધારય
- ✓ 2. બહુવ્રીહિ
- ✗ 3. તત્પુરુષ
- ✗ 4. દ્વંદ્વ

**Q.25** સાચી જોડણી શોધો.

Ans
- ✗ 1. ચિન્તનાત્મક
- ✗ 2. ચિંતનાત્માક
- ✗ 3. ચિંતન આત્મક
- ✓ 4. ચિંતનાત્મક

**Q.26** "આકર્ષક" શબ્દનો સાચો અંગ્રેજી શબ્દ કયો છે?

Ans
- ✓ 1. Attractive
- ✗ 2. Boring
- ✗ 3. Ugly
- ✗ 4. Dull

**Q.27** આછી આછી રસરહિત ત્યાં વાદળીઓ તણાય : આપેલ પંક્તિનો છંદ ઓળખાવો.

Ans
- ✗ 1. હરિણી
- ✓ 2. મંદાક્રાન્તા
- ✗ 3. શિખરિણી
- ✗ 4. પૃથ્વી

**Q.28** આપેલ વિકલ્પમાંથી શબ્દસમૂહ માટે એક શબ્દ શોધો : 'સ્થાન પરથી હટાવી દીધેલ વ્યક્તિ'

Ans
- ✗ 1. સ્થાનવિગ્રહ
- ✗ 2. પદચ્છેદ
- ✓ 3. પદચ્યુત
- ✗ 4. સ્થાનવિચ્છેદ

**Q.29** ઉચ્ચારણ વખતે ફેફસામાંથી આવતી હવાની માત્રા 'ઓછી' હોય તેવા વ્યંજનને શું કહેવાય?

Ans
- ✗ 1. ઘોષ
- ✓ 2. અલ્પપ્રાણ
- ✗ 3. મહાપ્રાણ
- ✗ 4. અઘોષ

**Q.30** 'મિહિર' શબ્દનો સમાનાર્થી શબ્દ શોધો.

Ans
- ✗ 1. સમુદ્ર
- ✓ 2. સૂર્ય
- ✗ 3. ચંદ્ર
- ✗ 4. પવન

## Section : General Awareness and Current Affairs

**Q.31** ભારતીય બંધારણના અનુચ્છેદ 167 હેઠળ, રાજ્યપાલ નીચેનામાંથી કઈ બાબત અંગે મુખ્યમંત્રી પાસેથી માહિતી માંગી શકે છે?

Ans
- ✗ 1. વ્યકિતગત બાબતો અને નાણાકીય દરખાસ્તો
- ✓ 2. વહીવટી બાબતો અને ધારાકીય દરખાસ્તો
- ✗ 3. વ્યકિતગત બાબતો અને ન્યાયિક કાર્યવાહી
- ✗ 4. નાણાકીય બાબતો અને ન્યાયિક કાર્યવાહી

**Q.32** નીચેનામાંથી કયું સમાજશાસ્ત્રીઓ દ્વારા ગરીબીને સમજવા માટેના એક સૂચક તરીકે ઉપયોગમાં લેવાય છે?

Ans
- ✗ 1. દેશની વસ્તી ગીચતા
- ✗ 2. ઔદ્યોગિક ઉત્પાદનનું સ્તર
- ✗ 3. માત્ર સાક્ષરતા દર
- ✓ 4. આવક અને વપરાશનું સ્તર

**Q.33** બહિર્ગોળ લેન્સ સામાન્ય રીતે ___________ તરીકે ઓળખાય છે.

Ans
- ✗ 1. બાયફોકલ ઑપ્ટિકલ લેન્સ
- ✗ 2. પરાવર્તક પ્રકાશીય લેન્સ
- ✓ 3. અભિસારી પ્રકાશીય લેન્સ
- ✗ 4. અપસારી પ્રકાશીય લેન્સ

**Q.34** કયા એક્ટ દ્વારા ભારતનું વહીવટીતંત્ર ઇસ્ટ ઇન્ડિયા કંપની પાસેથી બ્રિટિશ ક્રાઉનને સોંપવામાં આવ્યું હતું?

Ans
- ✗ 1. ઇન્ડિયન ઇન્ડિપેન્ડન્સ ઍક્ટ, 1947
- ✗ 2. ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા ઍક્ટ, 1919
- ✓ 3. ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા ઍક્ટ, 1858
- ✗ 4. રેગ્યુલેટિંગ ઍક્ટ, 1773

**Q.35** 27 ફેબ્રુઆરી 2026 ના રોજ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ નીચેનામાંથી કયા સ્થળે ભારતીય વાયુસેનાની 'વાયુ શક્તિ-2026' (Vayu Shakti–2026) કવાયત વિટનેસ (witness) કરી હતી?

**Ans**

✗ 1. થાર ડેઝર્ટ ફાયરિંગ રેન્જ, રાજસ્થાન

✓ 2. પોખરણ ફાયરિંગ રેન્જ, જેસલમેર

✗ 3. ચાંદીપુર ટેસ્ટ રેન્જ, ઓડિશા

✗ 4. હલવારા એર ફોર્સ સ્ટેશન, પંજાબ

**Q.36** નીચેનામાંથી કયો વિકલ્પ, ઓગસ્ટ 2026 સુધીની સ્થિતિ અનુસાર ગુજરાત સરકારમાં શ્રી જીતુભાઈ સવજીભાઈ વાઘાણી દ્વારા રાખવામાં (સંભાળવામાં) આવેલા પોર્ટફોલિયોને યોગ્ય રીતે રજૂ કરે છે?

**Ans**

✗ 1. ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, પંચાયત અને ગ્રામીણ આવાસન, વૈધાનિક અને સંસદીય બાબતો

✓ 2. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર, પશુપાલન, ગાય સંવર્ધન, મત્સ્યોદ્યોગ અને પ્રોટોકોલ

✗ 3. વન અને પર્યાવરણ, આબોહવા પરિવર્તન, વિજ્ઞાન અને ટેક્નોલોજી, શહેરી વિકાસ અને આવાસન

✗ 4. શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, ગ્રામીણ વિકાસ, પ્રવાસન અને યાત્રાધામ વિકાસ

**Q.37** "YUVAi" ગ્લોબલ યુથ ચેલેન્જ એ ઇન્ડિયા-AI ઇમ્પેક્ટ સમિટ 2026નું એક મુખ્ય આકર્ષણ હતું. કઈ રાષ્ટ્રીય સંસ્થાએ MyBharat સાથે મળીને આ ચેલેન્જનું સહ-અમલીકરણ કર્યું હતું?

**Ans**

✗ 1. સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન

✓ 2. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇલેક્ટ્રોનિક્સ એન્ડ ઇન્ફર્મેશન ટેકનોલોજી

✗ 3. નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન

✗ 4. ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફૉર ટેકનિકલ એજ્યુકેશન

**Q.38** એક સુવર્ણકાર સોનાના ટુકડાને હથોડી મારીને ખૂબ જ પાતળી પતરી બનાવે છે. સોનાનો કયો ગુણધર્મ દર્શાવવામાં આવી રહ્યો છે?

**Ans**

✗ 1. ચળકાટ (Lustreousness)

✗ 2. રણકાર (Sonority)

✓ 3. ટિપાઉપણું (malleability)

✗ 4. તન્યતા (ductility)

**Q.39** એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપ 2026 નીચેનામાંથી કયા સ્થળે યોજાઈ હતી?

**Ans**

✗ 1. તાશ્કંદ, ઉઝબેકિસ્તાન

✓ 2. બિશ્કેક, કિર્ગિસ્તાન

✗ 3. અમ્માન, જોર્ડન

✗ 4. અસ્તાના, કઝાખસ્તાન

**Q.40** ટિપ્પણી એ ગુજરાતનું શ્રમજીવીઓનું લોકનૃત્ય/આદિવાસી નૃત્ય છે, જે કઈ વિશેષતાનો ઉપયોગ કરીને કરવામાં આવે છે?

**Ans**

✗ 1. માત્ર શાસ્ત્રીય હસ્ત મુદ્રાઓ

✓ 2. જમીન સાથે જોડાયેલી જાડી લાકડીઓ

✗ 3. વર્તુળાકાર ગતિમાં દોરડાનું ગૂંથણ

✗ 4. એકલ ભક્તિ ગાયન

**Q.41** ફેબ્રુઆરી 2026માં શરૂ થયેલી ભારત સરકારની એક પહેલ અંતર્ગત, જાહેર વિતરણ વ્યવસ્થા (PDS)માં નીચેનામાંથી ટેકનોલોજી-આધારિત કયા સુધારાનો પ્રયોગ કરનાર પ્રથમ રાજ્ય તરીકે ગુજરાત પસંદ થયું હતું?

**Ans**

✗ 1. AI આધારિત હવામાનની આગાહી કરતું પ્લેટફોર્મ

✗ 2. બ્લોકચેન-આધારિત પાક વીમા પદ્ધતિ

✗ 3. ડિજિટલ જમીન રેકોર્ડ્સ વ્યવસ્થાપન વ્યવસ્થા

✓ 4. CBDC આધારિત ડિજિટલ ફૂડ કૂપન સિસ્ટમ

**Q.42** **સમ્રાટ અશોકના મોટાભાગના શિલાલેખ (Edicts) કઈ ભાષામાં લખાયેલા હતા?**

Ans
- ✗ 1. ખરોષ્ઠી લિપિનો ઉપયોગ કરીને પાલી
- ✗ 2. દેવનાગરી લિપિનો ઉપયોગ કરીને સંસ્કૃત
- ✗ 3. બ્રાહ્મી લિપિનો ઉપયોગ કરીને તમિલ
- ✓ 4. બ્રાહ્મી લિપિનો ઉપયોગ કરીને પ્રાકૃત

**Q.43** **1986માં શરૂ થયેલા જનરલ એગ્રીમેન્ટ ઓન ટેરિફ એન્ડ ટ્રેડ (GATT) વાટાઘાટના કયા રાઉન્ડના પરિણામે 1995માં વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઇઝેશન (WTO)ની સ્થાપના થઈ હતી?**

Ans
- ✗ 1. ટોક્યો રાઉન્ડ
- ✗ 2. દોહા રાઉન્ડ
- ✓ 3. ઉરુગ્વે રાઉન્ડ
- ✗ 4. જિનીવા રાઉન્ડ

**Q.44** **જ્યારે ઉત્પાદક વૈકલ્પિક ઉપયોગો ધરાવતા સાધનોના કારણે એક વિકલ્પને બદલે અન્ય વિકલ્પની પસંદગી કરે છે, ત્યારે જતા કરવામાં આવેલા વિકલ્પના મૂલ્યને કયો ખ્યાલ દર્શાવે છે?**

Ans
- ✗ 1. નાણાકીય ખર્ચ
- ✗ 2. સ્પષ્ટ ખર્ચ
- ✓ 3. વૈકલ્પિક ખર્ચ
- ✗ 4. વાસ્તવિક ખર્ચ

**Q.45** **બ્રિટિશ ભારતમાં નીચેનામાંથી કયા અધિનિયમે કેન્દ્રમાં પ્રથમવાર દ્વિગૃહી વિધાનમંડળ (bicameral legislature) દાખલ કર્યું હતું?**

Ans
- ✓ 1. ભારત સરકાર અધિનિયમ, 1919
- ✗ 2. ભારતીય પરિષદ અધિનિયમ, 1909
- ✗ 3. ભારત સરકાર અધિનિયમ, 1858
- ✗ 4. ચાર્ટર ઍક્ટ, 1833

**Q.46** **'ગુજરાત શૈક્ષણિક સંસ્થાઓ સેવા ટ્રિબ્યુનલ (સુધારા) અધિનિયમ 2026' દ્વારા કયા વર્ષના મૂળ અધિનિયમમાં સુધારો કરવામાં આવ્યો છે?**

Ans
- ✓ 1. 2006
- ✗ 2. 2007
- ✗ 3. 2005
- ✗ 4. 2004

**Q.47** **જો ચંદ્ર પર લાગતું પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ બળ અચાનક અદૃશ્ય થઈ જાય, તો ચંદ્રનું શું થશે?**

Ans
- ✗ 1. ચંદ્ર પૃથ્વીની સપાટી તરફ સર્પાકાર ગતિ કરતો નીચે આવશે
- ✗ 2. ચંદ્ર તે જ સ્થાને સ્થિર રહેશે
- ✗ 3. ચંદ્ર ઘણી ઝડપી ગતિથી પૃથ્વીની આસપાસ કક્ષામાં ભ્રમણ કરશે
- ✓ 4. ચંદ્ર તેની કક્ષાના સ્પર્શકની દિશામાં સુરેખ પથ પર ગતિ કરી દૂર ચાલ્યો જશે

**Q.48** **યુ.એન. હંગર હોટસ્પોટ્સ રિપોર્ટ 2026 મુજબ, બોર્નો સ્ટેટની જનસંખ્યાને ગંભીર (તીવ્ર) ખોરાકની અસુરક્ષા (acute food insecurity) ના ખતરનાક સ્તર (catastrophic levels) નો સામનો કરવો પડી શકે છે તેવા અંદાજો (projections) ને કારણે કયા દેશને સૌથી વધુ ચિંતિત હંગર હોટસ્પોટ્સ (highest-concern hunger hotspots) ની યાદીમાં ઉમેરવામાં આવ્યો હતો?**

Ans
- ✗ 1. દક્ષિણ સુદાન
- ✓ 2. નાઇજીરિયા
- ✗ 3. યમન
- ✗ 4. સુદાન

**Q.49** બૌદ્ધ ગ્રંથો અનુસાર, કૌટિલ્ય નીચેમાંથી કયા સ્થળે આચાર્ય (શિક્ષક) હતા?

Ans
- ✗ 1. નાલંદા
- ✗ 2. વલ્લભી
- ✗ 3. વિક્રમશિલા
- ✓ 4. તક્ષશિલા (તક્ષિલા)

**Q.50** કંબન (Kamban) દ્વારા રચિત રામાયણ કઈ ભાષામાં લખવામાં આવી હતી?

Ans
- ✗ 1. કન્નડ
- ✗ 2. સંસ્કૃત
- ✗ 3. તેલુગુ
- ✓ 4. તમિલ

**Q.51** નીચેનામાંથી કઈ સંસ્થાએ જાન્યુઆરી 2026માં ગુજરાતના અમદાવાદમાં નેશનલ ઓલિમ્પિક એજ્યુકેશન એન્ડ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (NOEDP) શરુ કર્યો હતો?

Ans
- ✓ 1. ધ ઇન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન
- ✗ 2. ધ ગુજરાત ઓલિમ્પિક કાઉન્સિલ
- ✗ 3. ધ નેશનલ ઓલિમ્પિક એસોસિએશન
- ✗ 4. ધ સ્પોર્ટ્સ ઓથોરિટી ઑફ ઇન્ડિયા

**Q.52** 1991 માં ભારતમાં શરૂ કરવામાં આવેલા આર્થિક સુધારાઓ પાછળના તર્કને નીચેનામાંથી કયું વિધાન શ્રેષ્ઠ રીતે સમજાવે છે?

Ans
- ✓ 1. કાર્યક્ષમતા વધારવા અને હરીફાઈને પ્રોત્સાહન આપવા માટે સરકારી નિયંત્રણો ઘટાડવા
- ✗ 2. ઉત્પાદક સંસાધનોની આયોજિત ફાળવણી સુનિશ્ચિત કરવા માટે ઔદ્યોગિક લાઇસન્સિંગમાં વધારો કરવો
- ✗ 3. બજારોનું નિયમન કરવા અને સ્થાનિક ઉત્પાદકોનું રક્ષણ કરવા માટે જાહેર ક્ષેત્રના અંકુશનો વિસ્તાર કરવો
- ✗ 4. આયાત અવેજીકરણ દ્વારા સ્થાનિક ઉદ્યોગોને મજબૂત કરવા માટે વિદેશી રોકાણ પર પ્રતિબંધ મૂકવો

**Q.53** નીચેનામાંથી કયો વિકલ્પ વિવિધ ખંડો વચ્ચે માનવ વસ્તીગીચતાનું સાચું વર્ણન કરે છે?

Ans
- ✗ 1. ઓસ્ટ્રેલિયામાં સૌથી વધુ વસ્તીગીચતા છે, જ્યારે આફ્રિકામાં ખૂબ જ ઓછી વસ્તીગીચતા છે.
- ✓ 2. એશિયામાં સૌથી વધુ વસ્તીગીચતા છે, જ્યારે ઓસ્ટ્રેલિયામાં ખૂબ જ ઓછી વસ્તીગીચતા છે.
- ✗ 3. એશિયામાં સૌથી ઓછી વસ્તીગીચતા છે, જ્યારે ઓસ્ટ્રેલિયામાં સૌથી વધુ વસ્તીગીચતા છે.
- ✗ 4. યુરોપમાં સૌથી વધુ વસ્તીગીચતા છે, જ્યારે એશિયામાં ખૂબ જ ઓછી વસ્તીગીચતા છે.

**Q.54** એન્ડીઝ પર્વતમાળા મુખ્યત્વે કયા ખંડમાં આવેલી છે?

Ans
- ✗ 1. ઉત્તર અમેરિકા
- ✓ 2. દક્ષિણ અમેરિકા
- ✗ 3. યુરોપ
- ✗ 4. એશિયા

**Q.55** હડપ્પીય સભ્યતાની નોંધપાત્ર કલાકૃતિઓ એવી કાંસાનો અરીસો (bronze mirror) અને પકવેલી માટીનો ઘડો (terracotta pot) પુરાતત્ત્વીય ઉત્ખનન દરમિયાન કયા હડપ્પીય સ્થળેથી મળી આવ્યા હતા?

Ans
- ✗ 1. રાખિગઢી (Rakhigarhi)
- ✗ 2. લોથલ (Lothal)
- ✗ 3. ચન્હુદડો (Chanhudaro)
- ✓ 4. ધોળાવીરા (Dholavira)

**Q.56** **નીચેનામાંથી કઈ ઘટનાને સામાન્ય રીતે ભારતીય રાષ્ટ્રીય આંદોલનના જહાલવાદી તબક્કાના ઉદય માટે તાત્કાલિક પ્રેરકબળ (immediate catalyst) તરીકે ગણવામાં આવે છે?**

**Ans**

✗ 1. હોમ રૂલ આંદોલન (1916)

✓ 2. બંગાળના ભાગલા (1905)

✗ 3. મોર્લે-મિન્ટો સુધારા (1909)

✗ 4. ઇન્ડિયન નેશનલ કોંગ્રેસની સ્થાપના (1885)

**Q.57** **નીચેની ઘટનાઓને તેમના કાળ ક્રમ(Chronological order)માં ગોઠવો:**
**અમદાવાદ મિલ સત્યાગ્રહ**
**ખેડા સત્યાગ્રહ**
**ચંપારણ સત્યાગ્રહ**
**સાચો જવાબ પસંદ કરો.**

**Ans**

✗ 1. 1–3–2

✓ 2. 3–1–2

✗ 3. 2–1–3

✗ 4. 3–2–1

**Q.58** **2025 – 26 FIH વિમેન્સ નેશન્સ કપની ફાઇનલમાં કઈ ભારતીય ખેલાડીને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી હતી?**

**Ans**

✓ 1. લાલરેમસિયામી હ્મારઝોટે (Lalremsiami Hmarzote)

✗ 2. નવનીત કૌર (Navneet Kaur)

✗ 3. સવિતા (Savita)

✗ 4. દીપિકા રામકૃષ્ણન (Deepika Ramakrishnan)

**Q.59** **બાયોટેક્નોલોજી વિભાગ દ્વારા ફેબ્રુઆરી 2026 માં બાયોકેમિકલ ઉત્પાદનો, ઔદ્યોગિક ઉત્સેચકો અને અન્ય બાયોટેક્નોલોજી આયાતમાં ક્ષેત્રવાર આંતરદૃષ્ટિ/ નવી કે મહત્વપૂર્ણ માહિતી (sector-wise insights) પ્રદાન કરવા માટે નીચેનામાંથી કયું ઑનલાઇન પ્લેટફોર્મ લોન્ચ કરવામાં આવ્યું હતું?**

**Ans**

✓ 1. SUJVIKA પોર્ટલ (SUJVIKA Portal)

✗ 2. BIOTECH પોર્ટલ (BIOTECH Portal)

✗ 3. નેશનલ બાયોટેક પ્રોડક્ટ પોર્ટલ (National Biotech Product Portal)

✗ 4. બાયોકનેક્ટ ઇન્ફોર્મેશન પોર્ટલ (BioConnect Information Portal)

**Q.60** **નીચેનામાંથી કયું વિધાન, એલ નિનો (El Niño) ઘટના દરમિયાન લાક્ષણિક મહાસાગર-વાતાવરણમાં થતા ફેરફાર (characteristic ocean-atmosphere change)ને યોગ્ય રીતે વર્ણવે છે?**

**Ans**

✗ 1. પશ્ચિમ પ્રશાંત મહાસાગરના પાણીનું ગરમ થવું, જે વાતાવરણીય પરિભ્રમણને વધારે છે.

✓ 2. પૂર્વ પ્રશાંત મહાસાગરના પાણીનું ગરમ થવું, જે વાતાવરણીય પરિભ્રમણ (atmospheric circulation)માં વિક્ષેપ પાડે છે.

✗ 3. પૂર્વ પ્રશાંત મહાસાગરના પાણીનું ઠંડુ થવું, જે વાતાવરણીય પરિભ્રમણને પ્રબળ કરે છે.

✗ 4. પશ્ચિમ પ્રશાંત મહાસાગરના પાણીનું ઠંડુ થવું, જે વાતાવરણીય પરિભ્રમણને નબળું (weak) પાડે છે.

## Section : **Quantitative Aptitude**

**Q.61** **અભિવ્યક્તિ $\{(2x + 8)^2 - (2x - 8)^2\} \div 16$ નું સાદુંરૂપ આપતાં મૂલ્ય શું થશે?**

**Ans**

✓ 1. 4x

✗ 2. 8x

✗ 3. 2x

✗ 4. x

**Q.62** જો દ્વિઘાત સમીકરણ $x^2 + 4x + 3 = 0$ ના બીજ α અને β હોય, તો $\alpha^2\beta + \alpha\beta^2$ નું મૂલ્ય શું થાય?

Ans
1. 7
2. -7
3. -12 ✔
4. 12

**Q.63** એક લંબચોરસ બોક્સના માપ 2.5 m ગુણ્યા 2 m ગુણ્યા 1 m છે. જ્યારે તે સંપૂર્ણપણે ભરેલું હોય, ત્યારે તેનું ઘનફળ (volume) લિટરમાં કેટલું થશે?

Ans
1. 50000 લિટર
2. 5000 લિટર ✔
3. 50 લિટર
4. 500 લિટર

**Q.64** એક બિંદુ પરથી ઇમારતની ટોચનો ઉત્સેધકોણ 60° છે. ઇમારતથી આ બિંદુનું સમક્ષિતિજ અંતર 240 m છે. ઇમારતની ઊંચાઈ કેટલી હશે? (√3 = 1.732 નો ઉપયોગ કરો.)

Ans
1. 415.68 m ✔
2. 411.68 m
3. 419.18 m
4. 423.18 m

**Q.65** વર્ષ 2010 માં એક શહેરની વસ્તી 1,25,000 હતી. વર્ષ 2011 માં તેમાં 3% નો વધારો થયો અને વર્ષ 2012 માં બીજા 4% નો વધારો થયો. વર્ષ 2013 માં, વસ્તીમાં 2% નો ઘટાડો થયો. તો વર્ષ 2013 ના અંતે શહેરની વસ્તી કેટલી હતી?

Ans
1. 130,450
2. 128,266
3. 129,340
4. 131,222 ✔

**Q.66** બે ટ્રેન, જેમાં દરેકની લંબાઈ 180 મીટર છે, તે સમાંતર ટ્રેક પર એક જ દિશામાં દોડી રહી છે. ઝડપી ટ્રેન એ ધીમી ટ્રેનને 36 સેકન્ડમાં ઓવરટેક કરે છે (આગળ નીકળી જાય છે). તો બંને ટ્રેન વચ્ચેની ઝડપનો તફાવત કેટલો હશે?

Ans
1. 40 km/hr
2. 30 km/hr
3. 36 km/hr ✔
4. 24 km/hr

**Q.67** એક શાળાની ચૂંટણીમાં 1200 વિદ્યાર્થીઓ છે. જો 60% વિદ્યાર્થીઓએ મતદાન કર્યું હોય અને બાકીના વિદ્યાર્થીઓએ મતદાન ન કર્યું હોય, તો કેટલા વિદ્યાર્થીઓએ મતદાન કર્યું નથી?

Ans
1. 400
2. 410
3. 480 ✔
4. 420

**Q.68** જો મુદ્દલ ₹5,000, વ્યાજનો દર વાર્ષિક 6% અને સમયગાળો 3 વર્ષ હોય, તો સાદું વ્યાજ શોધો.

Ans
1. ₹950
2. ₹700
3. ₹900 ✔
4. ₹800

**Q.69** જો પાઇપ A એક ટાંકી 4 કલાકમાં ભરે છે અને પાઇપ B એ જ ટાંકી 8 કલાકમાં ભરે છે, તો બંને પાઇપો સાથે મળીને ટાંકીનો કેટલો ભાગ 1 કલાકમાં ભરશે?

**Ans**
- ✗ 1. ટાંકીનો એક-તૃતિયાંશ
- ✗ 2. ટાંકીનો એક-પંચમાંશ
- ✓ 3. ટાંકીનો ત્રણ-અષ્ટમાંશ
- ✗ 4. ટાંકીનો અડધો ભાગ

**Q.70** એક કારખાનાના 20 શ્રમિકોના દૈનિક વેતનનું વિતરણ આ મુજબ છે: 4 શ્રમિકો પૈકી દરેકનું દૈનિક વેતન ₹200 છે, 6 શ્રમિકો પૈકી દરેકનું દૈનિક વેતન ₹250 છે, 7 શ્રમિકો પૈકી દરેકનું દૈનિક વેતન ₹300 છે અને 3 શ્રમિકો પૈકી દરેકનું દૈનિક વેતન ₹350 છે. તો તેમના દૈનિક વેતનનો મધ્યક શોધો.

**Ans**
- ✗ 1. ₹277.50
- ✗ 2. ₹270.50
- ✗ 3. ₹275.50
- ✓ 4. ₹272.50

**Q.71** એક સિંચાઈ ચેનલ ત્રણ પાઈપો દ્વારા ભરી શકાય છે: પાઇપ A દ્વારા 18 કલાકમાં, પાઇપ B દ્વારા 27 કલાકમાં અને પાઇપ C દ્વારા 54 કલાકમાં ભરી શકાય છે. જો ત્રણેય પાઈપો એકસાથે ખોલવામાં આવે, તો ચેનલ ભરવામાં કેટલો સમય લાગશે?

**Ans**
- ✗ 1. 7 કલાક
- ✗ 2. 6 કલાક
- ✓ 3. 9 કલાક
- ✗ 4. 8 કલાક

**Q.72** એક ફળવિક્રેતા સફરજનના પ્રત્યેક બોક્સ ₹180ના ભાવે 3 બોક્સ ખરીદે છે. તે ₹210માં એક એમ 2 બોક્સ વેચે અને બાકીનું એક બોક્સ ₹195માં વેચે છે. તેનો કુલ નફો કેટલો છે?

**Ans**
- ✗ 1. ₹52
- ✗ 2. ₹65
- ✓ 3. ₹75
- ✗ 4. ₹18

**Q.73** એક શહેરની 25,000 વસ્તીમાં એક વર્ષમાં 4% નો વધારો થાય છે. તો નવી વસ્તી કેટલી થશે?

**Ans**
- ✗ 1. 25,800
- ✗ 2. 25,900
- ✓ 3. 26,000
- ✗ 4. 26,500

**Q.74** 7 cm ત્રિજ્યા અને 40 cm ઊંચાઈ ધરાવતા ધાતુના એક નળાકાર સળિયાને ઓગાળીને તેમાંથી 3.5 cm ત્રિજ્યા ધરાવતા તેવા જ સમાન નક્કર ગોળાઓ બનાવવામાં આવે છે. તો આવા કુલ કેટલા ગોળાઓ સંપૂર્ણપણે બનાવી શકાય?

**Ans**
- ✓ 1. 34
- ✗ 2. 35
- ✗ 3. 36
- ✗ 4. 32

**Q.75** કાઉન્સિલની એક ચૂંટણીમાં 5,000 નોંધાયેલા મતદારો હતા. તેમાંથી 75% મતદારોએ મતદાન કર્યું. જો નાખવામાં આવેલા 8% મતો અમાન્ય (invalid) જાહેર કરવામાં આવે અને ઉમેદવાર Xને માન્ય (valid) મતોના 60% મતો મળે, તો ઉમેદવાર Xને કેટલા મત મળ્યા?

**Ans**
- ✗ 1. 2760
- ✗ 2. 2300
- ✗ 3. 2250
- ✓ 4. 2070

**Q.76** બિંદુઓ (1.5, 1), (5.5, 1), (1.5, 3.5) અને (5.5, 3.5) ને જોડવાથી બનતા ચતુષ્કોણનું ક્ષેત્રફળ શોધો.

**Ans**
- ✔ 1. 10 ચોરસ એકમ
- ✘ 2. 7.5 ચોરસ એકમ
- ✘ 3. 9 ચોરસ એકમ
- ✘ 4. 12 ચોરસ એકમ

**Q.77** એક વાહન 12 km/h, 12 km/h, 36 km/h, અને 36 km/h ની ઝડપે ચાર સમાન અંતરની મુસાફરી કરે છે. કાપવામાં આવેલું કુલ અંતર 288 km છે. તો સમગ્ર મુસાફરીની સરેરાશ ઝડપ શોધો.

**Ans**
- ✔ 1. 18 km/h
- ✘ 2. 20 km/h
- ✘ 3. 16 km/h
- ✘ 4. 15 km/h

**Q.78** 16 અને 64 નો મધ્યમ પ્રમાણપદ (mean proportional) કેટલો થશે?

**Ans**
- ✘ 1. 24
- ✘ 2. 40
- ✔ 3. 32
- ✘ 4. 48

**Q.79** નીચે આપેલાનું મૂલ્ય શોધો.

$$\left(\frac{1}{3}+\frac{1}{6}\right)-\frac{1}{2}$$

**Ans**
- ✘ 1. $\frac{1}{6}$
- ✔ 2. $0$
- ✘ 3. $\frac{1}{3}$
- ✘ 4. $1$

**Q.80** એક વાનગી બનાવવા માટે દર 2 કપ ચોખા દીઠ 5 કપ પાણીનો ઉપયોગ થાય છે. જો 6 કપ ચોખા લેવામાં આવે, તો કેટલા કપ પાણીની જરૂર પડશે?

**Ans**
- ✘ 1. 12
- ✔ 2. 15
- ✘ 3. 10
- ✘ 4. 18

**Q.81** એક દુકાનદાર ₹80માં એક નોટબુક ખરીદે છે અને તેને ₹92માં વેચે છે. તેના નફાની ટકાવારી કેટલી થશે?

**Ans**
- ✔ 1. 15%
- ✘ 2. 18%
- ✘ 3. 20%
- ✘ 4. 12%

**Q.82** ધારો કે p અને q બે એવી ભિન્ન અવિભાજ્ય સંખ્યાઓ (distinct prime numbers) છે જેમનો સરવાળો 24 થાય છે. જો p અને q નો ગુણાકાર 35 ની સાથે સહ-અવિભાજ્ય (coprime) હોય, તો p અને q વચ્ચેનો ધનાત્મક તફાવત (positive difference) કેટલો થશે?

**Ans**
- ✘ 1. 14
- ✘ 2. 18
- ✘ 3. 5
- ✔ 4. 2

Q.83 જો એક બસ પ્રથમ કલાકમાં 45 km/h ની ઝડપે અને બીજા કલાકમાં 55 km/h ની ઝડપે મુસાફરી કરે, તો તે બે કલાકમાં બસની સરેરાશ ઝડપ કેટલી હશે?

Ans
✔ 1. 50 km/h
✘ 2. 55 km/h
✘ 3. 49 km/h
✘ 4. 45 km/h

Q.84 જો દ્વિઘાત સમીકરણ $3x^2 + 12x + k = 0$ નો વિવેચક શૂન્ય હોય, તો k નું મૂલ્ય શોધો.

Ans
✘ 1. k = 16
✘ 2. k = 8
✔ 3. k = 12
✘ 4. k = 10

Q.85 એક લંબચોરસ પાર્કનું માપ 120 m x 80 m છે. આ પાર્કની અંદરની બાજુએ, તેની ચારેય તરફ કિનારીથી સરખો 2.5 m પહોળો રસ્તો બનાવેલો છે. તો આ રસ્તાનું ક્ષેત્રફળ કેટલું થશે?

Ans
✘ 1. 980 $m^2$
✘ 2. 985 $m^2$
✘ 3. 970 $m^2$
✔ 4. 975 $m^2$

Q.86 સંખ્યાઓ 121, 154, 187, 216 અને 242 નો મધ્યક કેટલો થાય?

Ans
✘ 1. 186
✘ 2. 185
✔ 3. 184
✘ 4. 188

Q.87 ત્રણ શ્રમિકો, X, Y, અને Z, અનુક્રમે 8, 12 અને 24 દિવસમાં એક કામ પૂર્ણ કરી શકે છે. તો તેમને એકસાથે મળીને કામ પૂર્ણ કરવામાં કેટલો સમય લાગશે?

Ans
✘ 1. 6 દિવસ
✘ 2. 3 દિવસ
✔ 3. 4 દિવસ
✘ 4. 5 દિવસ

Q.88 જો cotα = 2 હોય અને α એ લઘુકોણ હોય, તો પ્રમાણિત નિત્યસમ (standard identities) નો ઉપયોગ કરીને sinα નું મૂલ્ય શોધો.

Ans
✔ 1. $\frac{1}{\sqrt{5}}$
✘ 2. $\frac{2}{\sqrt{5}}$
✘ 3. $\frac{1}{2}$
✘ 4. $\frac{2}{3}$

Q.89 રાહુલ, સમીર અને તુષાર એક સ્ટાર્ટઅપમાં રોકાણ કરે છે અને વાર્ષિક નફાને 4 : 5 : 7 ના ગુણોત્તરમાં વહેંચવાનું નક્કી કરે છે. જો તુષારનો ભાગ રાહુલ કરતાં ₹12,000 વધારે હોય, તો સ્ટાર્ટઅપ દ્વારા મેળવેલો કુલ વાર્ષિક નફો કેટલો હશે?

Ans
✔ 1. ₹64,000
✘ 2. ₹48,000
✘ 3. ₹84,000
✘ 4. ₹96,000

**Q.90** એક વેપારી એક વસ્તુની છાપેલી કિંમત ₹18,000 રાખે છે. તે 10% ડિસ્કાઉન્ટ આપે છે અને તેમ છતાં 20% નફો મેળવે છે. તો તે વસ્તુની પડતર કિંમત શોધો.

**Ans**
- ✗ 1. ₹14,500
- ✗ 2. ₹14,000
- ✗ 3. ₹13,000
- ✓ 4. ₹13,500

Section : **Reasoning**

**Q.91** અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલી ચાર અક્ષર-સમૂહ જોડીઓમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને તેથી એક જૂથ બનાવે છે. કઈ અક્ષર-સમૂહ જોડી તે જૂથ સાથે સંબંધિત નથી?
(નોંધ: અલગ પડતી અક્ષર-સમૂહ જોડી વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર સમૂહમાં તેમની સ્થિતિ/સ્થાન પર આધારિત નથી)

**Ans**
- ✗ 1. DB - WD
- ✗ 2. KI - DK
- ✓ 3. BT - UO
- ✗ 4. JH - CJ

**Q.92** આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપેલા છે. વિધાનોમાં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં તે તમારે નક્કી કરવાનું છે. બંને વિધાનો વાંચો અને યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન:
"Grape" માટેનો કોડ શું છે?

વિધાનો:
(I): "Grape Peach" ને "ku le" તરીકે કોડ કરવામાં આવે છે.
(II): "Peach Guava" ને "le mo" તરીકે કોડ કરવામાં આવે છે.

**Ans**
- ✗ 1. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✗ 2. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✗ 3. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✓ 4. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

**Q.93** આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન:
A એ B સાથે કેવી રીતે સંબંધિત છે?

વિધાનો:
(I): A એ C નું સંતાન છે. C એ B ના પિતા છે.
(II): A એ સ્ત્રી છે.

**Ans**
- ✗ 1. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✓ 2. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
- ✗ 3. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✗ 4. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

Q.94 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે નીચે આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?) નાં સ્થાને શું આવવું જોઈએ?

JEU LHV NKW PNX ?

Ans
1. RFE
2. RTY
3. RRD
4. RQY

Q.95 સાત વ્યક્તિઓ M, N, O, P, Q, R અને S એક વર્તુળાકાર મેજની ફરતે તેના કેન્દ્ર તરફ મોં રાખીને બેસે છે. N અને Pની વચ્ચે માત્ર M બેસે છે. M એ Sની ડાબી બાજુએ ત્રીજા સ્થાને બેસે છે. R એ Qની તરત ડાબી બાજુએ બેસે છે. O એ Nની તરત જ જમણી બાજુએ બેસે છે. Sની ડાબી બાજુથી ગણવામાં આવે, તો S અને Nની વચ્ચે કેટલા લોકો બેસે છે?

Ans
1. ત્રણ
2. એક પણ નહીં
3. એક
4. બે

Q.96 જો 16 જૂન 2005 ના રોજ ગુરુવાર હોય, તો 16 જૂન 2006 ના રોજ અઠવાડિયાનો કયો વાર હશે?

Ans
1. બુધવાર
2. મંગળવાર
3. શુક્રવાર
4. સોમવાર

Q.97 નીચે આપેલા પ્રશ્નમાં, સંખ્યા/પ્રતીકોને નીચે આપેલા કોડ અને શરતોના આધારે અક્ષરોમાં કોડબદ્ધ કરવામાં આવ્યું છે. શરતોનું પાલન કરીને બનતું સાચું કોડ સંયોજન જ તમારો જવાબ હશે. જો કોઈ પણ શરત લાગુ ન પડતી હોય, તો કોષ્ટકમાં આપેલી સંખ્યા/પ્રતીકના કોડનો સીધો ઉપયોગ કરવો.

! 4 ? # @ 8 7 2 5 3 & + $ 6

G P W X V L R Q H Z C E O B

શરતો –
(i) જો પ્રથમ ઘટક એક પ્રતીક હોય અને છેલ્લો ઘટક એક સંખ્યા હોય, તો પ્રથમ અને છેલ્લો ઘટક બંનેના કોડ પરસ્પર બદલી નાખવા.
(ii) જો પ્રથમ ઘટક એક એકી સંખ્યા હોય અને છેલ્લો ઘટક એક બેકી સંખ્યા હોય, તો પ્રથમ અને છેલ્લો બંને ઘટકોને © તરીકે કોડબદ્ધ કરવા.
(iii) જો બીજા અને ત્રીજા બંને ઘટકો પૂર્ણવર્ગ હોય, તો ત્રીજા ઘટકનો કોડ પણ બીજા ઘટકના કોડ જેવો જ રાખવો.

5 8 $ 7 + માટે સાચો કોડ કયો હશે?

Ans
1. ELORE
2. HLORV
3. HXORE
4. HLORE

Q.98 S એ C ના માતા છે. C એ K ની પત્ની છે. K એ J ના પિતા છે. J એ U ની બહેન છે.
તો C એ U સાથે કેવી રીતે સંબંધિત છે?

Ans
1. માતાના માતા
2. માતા
3. બહેન
4. પિતાના માતા

Q.99 આ પ્રશ્ન નીચે આપેલી પાંચ ત્રણ-અંકની સંખ્યાઓ પર આધારિત છે.

(ડાબી બાજુ) 524 681 309 217 432 (જમણી બાજુ)

(ઉદાહરણ: 697 – પહેલો અંક = 6, બીજો અંક = 9 અને ત્રીજો અંક = 7)

જો સૌથી મોટી સંખ્યાના ત્રીજા અંકને સૌથી નાની સંખ્યાના બીજા અંકમાં ઉમેરવામાં આવે, તો પરિણામ શું આવશે?

Ans
✗ 1. 3
✗ 2. 10
✗ 3. 1
✓ 4. 2

Q.100 સાત લોકો D, E, J, K, O, Q અને T ઉત્તર તરફ મુખ કરીને એક હરોળમાં બેઠા છે.
ફક્ત Q એ D ની ડાબી બાજુએ બેસે છે. Q અને K ની વચ્ચે ફક્ત ચાર લોકો બેસે છે. E અને O ની વચ્ચે ફક્ત J બેસે છે, અને E એ K ની તરત જ બાજુમાં બેસતો નથી.
તો હરોળના સૌથી જમણા છેડે (extreme right) કોણ બેસે છે?

Ans
✗ 1. J
✗ 2. O
✗ 3. D
✓ 4. T

Q.101 એક વર્ગના તમામ 26 વિદ્યાર્થીઓ ઉત્તર તરફ મુખ કરીને એક હરોળમાં ઊભા છે. જો અમિત જમણી બાજુથી 9મા સ્થાને છે જ્યારે મીરા ડાબી બાજુથી 23મા સ્થાને છે, તો અમિત અને મીરાની વચ્ચે ઊભેલા લોકોની સંખ્યા ______ છે.

Ans
✗ 1. 5
✗ 2. 3
✓ 3. 4
✗ 4. 6

Q.102 G, H, I, J, P, Q અને R માંથી દરેકની પરીક્ષા જુદા-જુદા દિવસે છે અને સોમવારથી શરૂ થઈને તે જ અઠવાડિયાના રવિવારે પૂરી થાય છે. P ની પરીક્ષા ગુરુવારે અને H ની પરીક્ષા શનિવારે છે. G ની પરીક્ષા R ના તરત જ પહેલાના દિવસે છે. I ની પરીક્ષા Q પછીના કોઈપણ એક દિવસે છે. J ની પરીક્ષા R ના તરત જ પછીના દિવસે છે. I અને J ની વચ્ચે કેટલા વ્યક્તિઓની પરીક્ષા હશે?

Ans
✗ 1. ચાર
✗ 2. એક
✗ 3. બે
✓ 4. ત્રણ

Q.103 આ પ્રશ્ન નીચે આપેલી ત્રણ-અંકની પાંચ સંખ્યાઓ પર આધારિત છે.
(ડાબી બાજુ) 412 536 789 254 693 (જમણી બાજુ)
(ઉદાહરણ- 697 પ્રથમ અંક = 6, બીજો અંક = 9 અને ત્રીજો અંક = 7)
જો દરેક સંખ્યાના પ્રથમ અંકમાં 2 ઉમેરવામાં આવે, તો કેટલી સંખ્યાઓમાં પ્રથમ અંક એ બીજા અંકથી નિ:શેષ વિભાજ્ય હશે?

Ans
✗ 1. 0
✗ 2. 3
✓ 3. 1
✗ 4. 2

Q.104 નીચે આપેલી સંખ્યા, પ્રતીક શ્રેણીનો અભ્યાસ કરો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે. (બધી સંખ્યાઓ ફક્ત એક-અંકની સંખ્યાઓ છે)
(ડાબી બાજુ) ÷ $ ≠ 6 & 9 ≠ 3 6 9 ÷ 2 ≠ ≤ 1 ± Ω ≠ 5 1 ≠ (જમણી બાજુ)
એવા કેટલા પ્રતીકો છે જે દરેકની તરત જ પહેલા એક પ્રતીક આવે છે અને તરત જ પછી એક સંખ્યા પણ આવે છે?

Ans
1. એક
2. બે
3. ચાર
4. ત્રણ

Q.105 જો 7856132 સંખ્યાના દરેક એકી અંકમાં 1 ઉમેરવામાં આવે અને દરેક બેકી અંકમાંથી 2 બાદ કરવામાં આવે, તો આ રીતે બનતી નવી સંખ્યામાં કેટલા અંકો એક કરતાં વધુ વખત આવશે?

Ans
1. 2
2. 1
3. 3
4. 4

Q.106 છ વિદ્યાર્થીઓ N, O, P, Q, U અને V પૈકી દરેક અલગ-અલગ ઉંમર ધરાવે છે. માત્ર બે લોકોની ઉંમર O કરતાં ઓછી છે. U એ V ના તરત જ પછી આવતો ઉંમરમાં મોટો વ્યક્તિ છે. માત્ર બે લોકોની ઉંમર V અને Q ની વચ્ચે છે. P એ N કરતાં ઉંમરમાં મોટો છે. કોઈ પણ વ્યક્તિ એ Q કરતાં નાની ઉંમરનું નથી. તો કેટલા લોકો P કરતાં મોટી ઉંમરના છે?

Ans
1. એક પણ નહીં
2. બે
3. એક
4. ત્રણ

Q.107 આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન:
"Crane" માટેનો કોડ શું છે?

વિધાનો:
(I): "Eagle Hawk" ને "st uv" તરીકે કોડ કરવામાં આવ્યું છે.
(II): "Crane Stork" ને "wa xb" તરીકે કોડ કરવામાં આવ્યું છે અને "Stork Heron" ને "xb yc" તરીકે કોડ કરવામાં આવ્યું છે.

Ans
1. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
2. વિધાનો (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
3. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
4. વિધાનો (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

Q.108 નીચેની અક્ષર, સંખ્યા અને પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને પ્રશ્નનો જવાબ આપો

(ડાબી બાજુ) H P 3 5 @ $ N I * @ # W X 8 6 @ Z Y $ I W (જમણી બાજુ)

જો આપેલી શ્રેણીમાંથી તમામ પ્રતીકોને કાઢી નાખવામાં આવે, તો નીચેનામાંથી કયું જમણી બાજુથી છઠ્ઠા ક્રમે આવશે?

Ans
1. 6
2. Z
3. 8
4. W

Q.109 G એ V ની માતા છે. V એ T ની પુત્રી છે. T એ S નો પુત્ર છે. S એ M નો પતિ છે.
તો T એ M સાથે કેવી રીતે સંબંધિત છે?

Ans
- ✗ 1. પિતા
- ✓ 2. પુત્ર
- ✗ 3. પિતાનો ભાઈ
- ✗ 4. ભાઈ

Q.110 અમુક ચોક્કસ તર્કને અનુસરીને CU 12 એ DW 5 સાથે સંબંધિત છે. તે જ તર્કને અનુસરીને, HP 15 એ IR 8 સાથે સંબંધિત છે. સમાન તર્કને અનુસરીને LO 10 એ આપેલા વિકલ્પોમાંથી કયા વિકલ્પની સાથે સંબંધિત છે?

Ans
- ✗ 1. KL 1
- ✗ 2. KM 4
- ✗ 3. MK 2
- ✓ 4. MQ 3

Q.111 નીચે આપેલી અક્ષર શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો.
(ડાબી બાજુ) G V L Z T Q O X C Z L P T V K F G D N Y V (જમણી બાજુ)
અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં જમણી બાજુના છેડાથી ત્રીજા અક્ષર અને ડાબી બાજુના છેડાથી પાંચમા અક્ષર વચ્ચે કેટલા અક્ષરો આવે છે?

Ans
- ✗ 1. ચાર
- ✗ 2. ત્રણ
- ✓ 3. પાંચ
- ✗ 4. છ

Q.112 આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન '?' ના સ્થાને શું આવવું જોઈએ?
48, 44, 40, 36, 32, ?

Ans
- ✗ 1. 30
- ✗ 2. 36
- ✓ 3. 28
- ✗ 4. 24

Q.113 નીચે આપેલી અક્ષર, સંખ્યા, પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને તેના પછી આપેલા પ્રશ્નનો જવાબ આપો.

(ડાબી બાજુ) * K Q 1 $ @ 8 P I N 2 5 # L M % 3 # E T S P @ (જમણી બાજુ)
જો શ્રેણીમાંથી બધા અક્ષરો કાઢી નાખવામાં આવે, તો નીચેનામાંથી કયું જમણી બાજુથી છઠ્ઠા ક્રમે આવશે?

Ans
- ✗ 1. 2
- ✓ 2. 5
- ✗ 3. #
- ✗ 4. %

Q.114 નીચેના સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને આવી શકે તેવું સૌથી નજીકનું અંદાજિત મૂલ્ય કયો વિકલ્પ દર્શાવે છે?
12.08 + 4.02 × 2.95 − 3.11 = ?

Ans
- ✗ 1. 30
- ✗ 2. 15
- ✓ 3. 21
- ✗ 4. 32

Q.115 નીચે આપેલા વિધાનો અને તારણોને કાળજીપૂર્વક વાંચો. ધારી લો કે વિધાનોમાં આપેલી માહિતી સાચી છે, ભલે તે સામાન્ય રીતે જાણીતા તથ્યોથી અલગ હોય, અને નક્કી કરો કે આપેલા તારણોમાંથી કયું તારણ/ કયા તારણો વિધાનોને તાર્કિક રીતે અનુસરે છે.

વિધાનો: કોઈપણ ઢીંગલી એ વીંટી નથી. કોઈપણ વીંટી એ દીવો નથી.

તારણ (I): બધી ઢીંગલીઓ એ દીવા છે.
તારણ (II): કોઈપણ દીવો એ ઢીંગલી નથી.

Ans
1. ફક્ત તારણ (I) અનુસરે છે.
2. ફક્ત તારણ (II) અનુસરે છે.
3. (I) અને (II) બંને તારણો અનુસરે છે.
4. ન તો તારણ (I) કે ન તો તારણ (II) અનુસરે છે.

Q.116 નીચે આપેલી અક્ષર, સંખ્યા, પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને પ્રશ્નનો જવાબ આપો

(ડાબી બાજુ) Z H @ 8 6 $ 1 * 3 T 5 4 # $ % L J K W 5 $ @ 4 (જમણી બાજુ)

જો શ્રેણીમાંથી તમામ સંખ્યાઓને કાઢી નાંખવામાં આવે, તો ડાબી બાજુથી પાંચમા ક્રમે નીચેનામાંથી કયું હશે?

Ans
1. $
2. T
3. #
4. *

Q.117 આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનોને વાંચીને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.
આરતી, બિનોદ, ચાન, દીદી અને એલી એક વર્તુળાકાર ટેબલની ફરતે, કેન્દ્ર તરફ મુખ રાખીને બેસે છે. તો દીદીની તરત જ જમણી બાજુએ કોણ બેસે છે?
(I) બિનોદ એ આરતીની જમણી બાજુએ બીજા સ્થાને બેસે છે. ચાન એ બિનોદની તરત જ જમણી બાજુએ બેસે છે.
(II) આરતી એ એલી અને દીદીની તરત જ બાજુમાં બેસે છે. ચાન એ એલીની તરત જ ડાબી બાજુએ બેસે છે.

Ans
1. વિધાન I અને II માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
2. વિધાન I માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન II માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
3. વિધાન I અને II માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતી અલગ-અલગ નહીં) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
4. વિધાન II માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન I માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

Q.118 સંખ્યાઓના બે સેટ નીચે આપવામાં આવ્યા છે. દરેક સંખ્યાના સેટમાં, પ્રથમ સંખ્યા પર અમુક ચોક્કસ ગાણિતિક ક્રિયા (ઓપરેશન્સ) કરીને બીજી સંખ્યા મેળવવામાં આવે છે, એ જ પ્રમાણે, બીજી સંખ્યા પર ચોક્કસ ગાણિતિક ક્રિયા કરીને ત્રીજી સંખ્યા મેળવવામાં આવે છે અને આ ક્રિયાને છેલ્લી સંખ્યા મળતા સુધી દોહરાવવામાં આવે છે. આપેલા વિકલ્પોમાંથી કયો વિકલ્પ નીચે આપેલા સેટની સમાન ક્રિયાઓનું અનુસરણ કરે છે?

સેટ 1: 4 – 12 – 24 – 34
સેટ 2: 5 – 15 – 30 – 40

(નોંધ – બે/ ત્રણ અંકોની સંખ્યાને ઓપરેશન્સ માટે વ્યક્તિગત અંકોમાં છૂટી પાડી શકાતી નથી. દા. ત. જો 37 પછી 10 આવે, તો ઓપરેશન 3 + 7 ન હોઈ શકે કારણ કે બે અંકોની સંખ્યાને વ્યક્તિગત અંકોમાં છૂટી પાડવાની નથી.)

Ans
1. 7 – 21 – 42 – 53
2. 6 – 18 – 36 – 46
3. 8 – 24 – 46 – 58
4. 6 – 12 – 24 – 36

Q.119 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલા ચાર અક્ષર-સમૂહોમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને આમ એક જૂથ બનાવે છે. તો કયો અક્ષર-સમૂહ તે જૂથ સાથે સંબંધિત નથી?
(નોંધ: અલગ પડતો અક્ષર-સમૂહ વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર-સમૂહમાં તેમની સ્થિતિ/સ્થાન પર આધારિત નથી.)

Ans
✗ 1. FEB
✗ 2. TSP
✗ 3. SRO
✓ 4. EEA

Q.120 એક ચોક્કસ કોડ ભાષામાં,

A + B નો અર્થ થાય છે કે 'A એ B ની માતા છે'
A – B નો અર્થ થાય છે કે 'A એ B નો ભાઈ છે'
A x B નો અર્થ થાય છે કે 'A એ B ની પત્ની છે'
A % B નો અર્થ થાય છે કે 'A એ B ના પિતા છે'
A # B નો અર્થ થાય છે કે 'A એ B ની પુત્રી છે'

ઉપરોક્ત માહિતીના આધારે, જો 'T – L + G – U # K' હોય, તો K એ T સાથે કેવી રીતે સંબંધિત છે?

Ans
✗ 1. બહેનની પુત્રી
✓ 2. બહેનનો પતિ
✗ 3. માતાના ભાઈ
✗ 4. પત્નીનો ભાઈ

Q.121 નીચે આપેલી ત્રિપુટીઓમાં, એક ચોક્કસ તર્કને અનુસરીને અક્ષરોનો દરેક સમૂહ એ અનુગામી (subsequent) અક્ષર સમૂહ સાથે સંબંધિત છે. આપેલા વિકલ્પોમાંથી તે વિકલ્પ પસંદ કરો જે સમાન તર્કને અનુસરે છે.

RUGS - GRUS - SGUR
GAME - MGAE - EMAG

Ans
✓ 1. PUGS - GPUS - SGUP
✗ 2. GYMS - YGMS - SYMG
✗ 3. HOLE - HLOE - ELOH
✗ 4. DEAR - ADER - EARD

Q.122 જો '+' અને '–' ની પરસ્પર અદલાબદલી કરવામાં આવે અને '×' અને '÷' ની પણ પરસ્પર અદલાબદલી કરવામાં આવે, તો નીચેના સમીકરણમાં પ્રશ્નચિહ્ન '?' નાં સ્થાને શું આવશે?
20 × 5 + 15 – 6 ÷ 4 = ?

Ans
✗ 1. 113
✗ 2. 45
✗ 3. 28
✓ 4. 13

Q.123 મૂળાક્ષરો E, L, M અને I નો એ રીતે ઉપયોગ કરીને કેટલા અર્થપૂર્ણ ચાર-અક્ષરવાળા અંગ્રેજી શબ્દો બનાવી શકાય છે, જેમાં આ બધા મૂળાક્ષરનો ઉપયોગ કરવાનો છે પરંતુ દરેક શબ્દમાં દરેક મૂળાક્ષરનો ઉપયોગ ફક્ત એક જ વાર કરી શકાય છે?

Ans
✗ 1. 4
✓ 2. 2
✗ 3. 3
✗ 4. 1

Q.124 E, A, S અને F પૈકી, દરેક મૂળાક્ષરોનો ઉપયોગ કરીને પરંતુ દરેક શબ્દમાં દરેક મૂળાક્ષરનો માત્ર એક જ વાર ઉપયોગ કરીને બધા મૂળાક્ષરો સાથે કેટલા ચાર-અક્ષરના અર્થપૂર્ણ અંગ્રેજી શબ્દો બનાવી શકાય?

Ans
✗ 1. 4
✓ 2. 1
✗ 3. 2
✗ 4. 3

Q.125 નીચે આપેલા પ્રશ્નમાં, સંખ્યા/પ્રતીકોને નીચે આપેલા કોડ અને શરતોના આધારે અક્ષરોમાં કોડબદ્ધ કરવામાં આવ્યું છે. શરતોનું પાલન કરીને બનતું સાચું કોડ સંયોજન જ તમારો જવાબ હશે. જો કોઈ પણ શરત લાગુ ન પડતી હોય, તો કોષ્ટકમાં આપેલી સંખ્યા/પ્રતીકના કોડનો સીધો ઉપયોગ કરવો.

સંખ્યા/પ્રતીક 9 # 4 @ 2 % 7 & 5 $ 1 + 8 6

કોડ A M H T D P L F U R K W B Q

શરતો –
(i) જો બીજા અને ચોથા બંને ઘટકો પ્રતીકો હોય, તો ચોથા ઘટકનો કોડ પણ બીજા ઘટકના કોડ જેવો જ રાખવો.
(ii) જો પ્રથમ ઘટક બેકી સંખ્યા હોય અને છેલ્લો ઘટક એકી સંખ્યા હોય, તો પ્રથમ ઘટકને © તરીકે કોડબદ્ધ કરવો.
(iii) જો ત્રીજો અને ચોથો બંને ઘટકો સંખ્યાઓ હોય, તો તેમના કોડ પરસ્પર બદલી નાખવા.

7 @ 2 # 5 માટે સાચો કોડ કયો હશે?

Ans
1. LTPMU
2. LTDMR
3. LTMMU
4. LTDTU

Q.126 S, T, G, H અને K પૈકી દરેકની ઊંચાઈ અલગ-અલગ છે. T એ H કરતાં ઊંચો છે પરંતુ S કરતાં નીચો છે. S એ G કરતાં ઊંચો છે પરંતુ K કરતાં નીચો છે. G એ H કરતાં ઊંચો છે પરંતુ T કરતાં નીચો છે.
તો આ બધામાં બીજા ક્રમનો સૌથી નીચો કોણ છે?

Ans
1. G
2. K
3. S
4. H

Q.127 મિસ્ટર ક્વામ તેમના વર્ગમાં સૌથી નીચે (bottom)થી 37મા ક્રમે અને સૌથી ઉપર (top)થી 22મા ક્રમે છે. તેમના વર્ગમાં કુલ કેટલા વિદ્યાર્થીઓ છે?

Ans
1. 59
2. 56
3. 54
4. 58

Q.128 P, Q, C, D, અને E ના ગુણ અલગ-અલગ છે. D અને C ની વચ્ચે ફક્ત બે જ લોકોએ ગુણ મેળવ્યા છે. C પછી તરત જ ઓછા ગુણ મેળવનાર વ્યક્તિ E છે. P એ Q કરતાં વધુ ગુણ મેળવ્યા છે અને Q એ D કરતાં વધુ ગુણ મેળવ્યા છે.
તો કેટલા લોકોએ Q કરતાં વધુ ગુણ મેળવ્યા છે?

Ans
1. ચાર
2. ત્રણ
3. બે
4. એક

Q.129 નીચેના શબ્દોની ગોઠવણીને તાર્કિક અને અર્થપૂર્ણ ક્રમમાં દર્શાવતા સાચા વિકલ્પની પસંદગી કરો..
1. કૂતરો
2. પ્રાણી
3. સસ્તન પ્રાણી

Ans
1. 2,3,1
2. 2,1,3
3. 3,2,1
4. 1,2,3

Q.130 એક ચોક્કસ તર્કને અનુસરીને 12 એ 36 સાથે સંબંધિત છે. આ સમાન તર્કને અનુસરીને, 24 એ 72 સાથે સંબંધિત છે. આ સમાન તર્કને અનુસરીને, નીચેનામાંથી કયા વિકલ્પ સાથે 45 સંબંધિત છે?
(નોંધ: સંખ્યાઓને તેમના ઘટક અંકોમાં વિભાજિત કર્યા વિના, પૂર્ણ સંખ્યાઓ પર ક્રિયાઓ કરવી જોઈએ. દા.ત. 13 લો – 13 પર ક્રિયાઓ જેમ કે 13 માં સરવાળો /બાદબાકી /ગુણાકાર કરી શકાય છે. 13 ને 1 અને 3 માં વિભાજિત કરીને પછી 1 અને 3 પર ગાણિતિક ક્રિયાઓ કરવાની મંજૂરી નથી.)

Ans
✔ 1. 135
✘ 2. 145
✘ 3. 140
✘ 4. 150

Q.131 નીચે આપેલી શ્રેણીને તાર્કિક રીતે પૂર્ણ કરવા માટે વિકલ્પોમાંથી કયો અક્ષર-સંખ્યા સમૂહ પ્રશ્નચિહ્ન (?) નાં સ્થાને આવશે?

EEU 2 FGS -4 GIQ 8 HKO -16 ?

Ans
✘ 1. HLM 32
✔ 2. IMM 32
✘ 3. ILL 34
✘ 4. JLM 34

Q.132 બિકાશ બિંદુ A થી ડ્રાઈવ કરવાનું શરૂ કરે છે અને ઉત્તર તરફ 14km ડ્રાઈવ કરે છે. પછી તે ડાબો વળાંક લે છે, 16km ડ્રાઈવ કરે છે, ત્યારબાદ જમણો વળાંક છે અને 18km ડ્રાઈવ કરે છે. પછી તે ડાબો વળાંક લે છે અને 9km ડ્રાઈવ કરે છે. તે અંતિમ ડાબો વળાંક લે છે, 32km ડ્રાઈવ કરે છે અને બિંદુ B પર રોકાય છે. બિંદુ A પર ફરીથી પહોંચવા માટે તેણે કેટલા દૂર (સૌથી ટૂંકું અંતર) અને કઈ દિશામાં ડ્રાઈવ કરવું જોઈએ? (બધા વળાંકો ફક્ત 90 અંશ (ડિગ્રી)ના વળાંકો છે, સિવાય કે ઉલ્લેખ કરવામાં આવે.)

Ans
✘ 1. 23km પશ્ચિમ
✘ 2.
24km પૂર્વ
✔ 3.
25km પૂર્વ
✘ 4. 22km ઉત્તર

Q.133 એક ચોક્કસ કોડ ભાષામાં, 'DOME' ને '5967' તરીકે કોડ કરવામાં આવે છે અને 'MOLE' ને '8597' તરીકે કોડ કરવામાં આવે છે. તો આપેલી કોડ ભાષામાં 'L' માટેનો કોડ શું છે?

Ans
✘ 1. 9
✘ 2. 6
✔ 3. 8
✘ 4. 7

Q.134 આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન:
પાંચ વ્યક્તિઓ — રવિ, નેહા, ટીના, ગોપી અને અમિત — એક પાંચ માળની ઇમારતના અલગ-અલગ માળ પર રહે છે. સૌથી નીચેના માળનો ક્રમ 1 અને સૌથી ઉપરના માળનો ક્રમ 5 છે. માળ 5 પર કોણ રહે છે?
વિધાનો:
(I): રવિ એ માળ 2 પર રહે છે. અમિત એ રવિની તરત જ નીચેના માળ પર રહે છે.
(II): ટીના એ ગોપીની તરત જ ઉપરના માળ પર રહે છે. ગોપી એ માળ 3 પર રહે છે.

Ans
✔ 1. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
✘ 2. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✘ 3. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✘ 4. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

Q.135 સાત બોક્સ A, B, C, R, S, Y અને Z પૈકી દરેકને એકબીજાની ઉપર મૂકવામાં આવ્યા છે, પરંતુ જરૂરી નથી કે તે આપેલા ક્રમમાં જ હોય. R ને સૌથી નીચેથી બીજા ક્રમે મૂકવામાં આવ્યું છે. R અને Z ની વચ્ચે ફક્ત ત્રણ બોક્સ મૂકવામાં આવ્યા છે. C ને R ની નીચે કોઈ એક ક્રમ પર મૂકવામાં આવ્યું છે. ફક્ત S ને Z અને B ની વચ્ચે મૂકવામાં આવ્યું છે. A ને Z ની ઉપરના કોઈ એક સ્થાન પર મૂકવામાં આવ્યું છે. તો C અને A ની વચ્ચે કેટલા બોક્સ મૂકવામાં આવ્યા છે?

Ans
✗ 1. ચાર
✗ 2. બે
✗ 3. ત્રણ
✓ 4. પાંચ

Q.136 જો @ નો અર્થ ×, # નો અર્થ ÷, $ નો અર્થ +, % નો અર્થ – હોય, તો નીચે આપેલા સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?) નાં સ્થાને શું આવશે?
18 @ 3 # 2 % 5 $ 6 @ 2 = ?

Ans
✗ 1. 23
✓ 2. 34
✗ 3. 28
✗ 4. 16

Q.137 A, B, C, D, E અને F એ એક જ ઇમારતના છ જુદા જુદા માળ પર રહે છે. ઈમારતમાં સૌથી નીચેના માળને 1, તેની ઉપરના માળને 2 અને તે મુજબ ઉપરના માળોને નંબર આપેલા છે, આ અનુક્રમમાં સૌથી ઉપરના માળનો નંબર 6 છે. માત્ર બે લોકો B અને C વચ્ચે રહે છે. A એ Cની તરત જ નીચે રહે છે. માત્ર એક વ્યક્તિ Dની નીચે રહે છે. માત્ર બે લોકો E અને F વચ્ચે રહે છે. E બેકી નંબરવાળા માળ પર રહે છે. A અને B વચ્ચે કેટલા લોકો રહે છે?

Ans
✗ 1. બે
✗ 2. ત્રણ
✗ 3. કોઈ નહીં
✓ 4. એક

Q.138 નીચેના શબ્દોની ગોઠવણીને તાર્કિક અને અર્થપૂર્ણ ક્રમમાં દર્શાવતા સાચા વિકલ્પની પસંદગી કરો.
1. એશિયા
2. ટોક્યો
3. જાપાન

Ans
✗ 1. 1,2,3
✗ 2. 2,1,3
✓ 3. 1,3,2
✗ 4. 3,2,1

Q.139 અંગ્રેજી ભાષાના શબ્દકોશમાં જે ક્રમમાં શબ્દો આવે છે તે ક્રમ મુજબ નીચે આપેલા શબ્દોની સાચી ગોઠવણી દર્શાવતો વિકલ્પ પસંદ કરો.
1. Geyser
2. Guards
3. Gravel
4. Gypsum
5. Gusted

Ans
✗ 1. 1, 4, 5, 2, 3
✗ 2. 2, 4, 5, 1, 3
✓ 3. 1, 3, 2, 5, 4
✗ 4. 3, 5, 1, 4, 2

Q.140 નીચેના શબ્દોને તાર્કિક અને અર્થપૂર્ણ ક્રમમાં દર્શાવતા સાચા વિકલ્પની પસંદગી કરો.
1. ટ્યુલિપ (Tulip)
2. છોડ (Plant)
3. ફૂલ (Flower)

Ans
✔ 1. 2,3,1
✘ 2. 3,2,1
✘ 3. 3,1,2
✘ 4. 2,1,3

Q.141 જે વિકલ્પમાં આપેલા નામ અને સરનામાંની તમામ વિગતો સાચી રીતે ફરીથી રજૂ કરવામાં આવી હોય તે વિકલ્પ પસંદ કરો.

Mr. Souvik N. Roy
House No. 18, Lake Road,
Kadam Tala,
Howrah, West Bengal – 711101

Ans
✘ 1. Mr. Souvik M. Roy, House No. 18, Lake Road, Kadam Tala, Howrah, West Bengal – 711101
✘ 2. Mr. Souvik N. Roy, House No. 18, Lake Road, Kadam Tola, Howrah, West Bengal – 711101
✘ 3. Mr. Souvik N. Roy, House No. 81, Lake Road, Kadam Tala, Howrah, West Bengal – 711101
✔ 4. Mr. Souvik N. Roy, House No. 18, Lake Road, Kadam Tala, Howrah, West Bengal – 711101

Q.142 નીચે આપેલા શબ્દોની ગોઠવણીને તાર્કિક અને અર્થપૂર્ણ ક્રમમાં દર્શાવતા સાચા વિકલ્પની પસંદગી કરો.

1. જમા કરવું/ એકત્રિકરણ (Collection)
2. પ્રોસેસિંગ (Processing)
3. પૃથક્કરણ કરવું (Segregation)
4. નિકાલ (Disposal)
5. કચરો (Garbage)

Ans
✘ 1. 2, 1, 5, 3, 4
✘ 2. 2, 3, 1, 5, 4
✔ 3. 5, 1, 3, 2, 4
✘ 4. 2, 5, 1, 3, 4

Q.143 એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનોને વાંચીને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન: જો "M" વર્ષની 10 એપ્રિલ ના રોજ સોમવાર હોય, તો તે જ વર્ષે 28 ફેબ્રુઆરી ના રોજ અઠવાડિયાનો કયો વાર હશે?
વિધાન I: "M" એ 4 વડે વિભાજ્ય છે.
વિધાન II: "M" એ સદીનું વર્ષ નથી.

Ans
✘ 1. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી રીતે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✘ 2. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી રીતે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✔ 3. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
✘ 4. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

Q.144 SOUNTER શબ્દના દરેક સ્વરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેના તરત જ પહેલાના અક્ષરમાં બદલવામાં આવે છે અને દરેક વ્યંજનને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેના તરત જ પછીના અક્ષરમાં બદલવામાં આવે છે. તો આ રીતે બનેલા અક્ષરોના નવા સમૂહમાં નીચેનામાંથી કયો અક્ષર બરાબર બે વાર દેખાશે?

Ans
✔ 1. T
✘ 2. D
✘ 3. N
✘ 4. O

**Q.145** **જો 11 ફેબ્રુઆરી 1972 એ શુક્રવાર હતો, તો 16 ડિસેમ્બર 1975 એ અઠવાડિયાનો કયો દિવસ હતો?**

**Ans**
1. શુક્રવાર
2. મંગળવાર
3. શનિવાર
4. ગુરુવાર

**Q.146** **એક સચોટ એનાલોગ ઘડિયાળનું અરીસામાંનું પ્રતિબિંબ 02:26 hrs નો સમય દર્શાવે છે. ઘડિયાળમાં દર્શાવેલો વાસ્તવિક સમય કેટલો હશે?**

**Ans**
1. 08:34 hrs
2. 09:43 hrs
3. 09:34 hrs
4. 10:43 hrs

**Q.147** **મિસ્ટર ઇવાન બિંદુ A થી શરૂઆત કરીને ઉત્તર દિશામાં 21 km વાહન ચલાવે છે. ત્યાંથી તેઓ જમણી તરફ વળે છે અને 12 km વાહન ચલાવે છે, ત્યારબાદ ફરીથી જમણી તરફ વળીને 18 km વાહન ચલાવે છે. પછી તેઓ ડાબી તરફ વળે છે અને 4 km વાહન ચલાવે છે, ત્યાંથી જમણી તરફ વળીને 11 km વાહન ચલાવે છે. પછી તેઓ જમણી તરફ વળે છે અને 29 km વાહન ચલાવે છે. અંતમાં તેઓ એકવાર ફરી જમણી તરફ વળીને 8 km વાહન ચલાવે છે અને બિંદુ P પર અટકે છે. તો ફરીથી બિંદુ A પર પહોંચવા માટે તેમણે કેટલા અંતરે (ન્યૂનતમ અંતર) અને કઈ દિશામાં વાહન ચલાવવું પડશે? (જ્યાં સુધી દર્શાવવામાં ન આવે ત્યાં સુધી, તમામ વળાંકો માત્ર 90 ડિગ્રીના જ છે.)**

**Ans**
1. 12 km પશ્ચિમ તરફ
2. 13 km પૂર્વ તરફ
3. 11 km ઉત્તર તરફ
4. 4 km દક્ષિણ તરફ

**Q.148** **આ પ્રશ્ન નીચે આપેલા શબ્દો પર આધારિત છે.**
**PIN, DOG, TAP, SUM**
**દરેક શબ્દમાં, દરેક સ્વરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેના તરત જ પછી આવતા અક્ષર વડે બદલવામાં આવે અને દરેક વ્યંજનને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેની તરત જ પહેલાં આવતા અક્ષર વડે બદલવામાં આવે છે. તો આ રીતે એવા કેટલા અક્ષર-સમૂહ બનશે કે જેમાં એકપણ સ્વર આવશે નહીં?**

**Ans**
1. 4
2. 3
3. 2
4. 1

**Q.149** **આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.**

**પ્રશ્ન:**
**"Silk" માટેનો કોડ શું છે?**

**વિધાનો:**
**(I): "Silk Wool" ને "ne op" તરીકે કોડ કરવામાં આવે છે અને "Wool Jute" ને "op qr" તરીકે કોડ કરવામાં આવે છે.**
**(II): "Jute Silk" ને "qr ne" તરીકે કોડ કરવામાં આવે છે.**

**Ans**
1. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
2. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
3. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
4. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

**Q.150** **આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.**

**પ્રશ્ન: 5 વાંસ – F, J, O, Q અને S – અલગ-અલગ ઊંચાઈ ધરાવે છે, કયું વાંસ સૌથી ઊંચું છે?**

**વિધાનો:**
**(I) J એ S કરતાં ઊંચો છે. S માત્ર એક જ વાંસ કરતાં નીચો છે.**
**(II) F એ O કરતાં નીચો (shorter) છે પરંતુ Q કરતાં ઊંચો છે.**

**Ans**

✔ 1. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

✘ 2. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

✘ 3. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

✘ 4. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

"